**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**Answer Sheet No. :** ...............................................
(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________
(In words)

**Test Booklet No.**

**D—3705**

**PAPER—II**

**Time : 1¼ hours]** **GUJARATI** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ⬬ (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ⬬ (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

**1.** ‘ભલે ઉગ્યાં વિશ્વે નયન નમણાં એ પ્રભુતણાં’ પંક્તિનો છંદ -

(A) હરિણી (B) શિખરિણી

(C) પૃથ્વી (D) અનુષ્ટુપ

**2.** પત્રલેખક તરીકે પ્રખ્યાત છે -

(A) કલાવી (B) ન. ભો. દીવેટિયા

(C) રમેશ પારેખ (D) ભોળાભાઈ પટેલ

**3.** મદન મોહના-નો સાહિત્યપ્રકાર કયો છે ?

(A) ફાગૂ (B) પ્રબંધ

(C) રાસ (D) પદ્યવાર્તા

**4.** ‘ભરતેશ્વર બાહુબલિરાસ’ના કર્તા છે -

(A) હીરાણંદસૂરિ (B) શાલિભદ્રસૂરિ

(C) પદ્મનાભ (D) દયારામ

**5.** ‘અનામી’ તખલ્લુસ ધારણ કરનાર -

(A) રણજિતરામ વાવાભાઈ (B) રણજિત પટેલ

(C) જશવંત રાખડીવાળા (D) ગોકુલદાસ રાયચૂરા

6. મધ્યકાલીન સાહિત્યના સર્જક નથી :

(A) દલપતરામ (B) કેવળપૂરી

(C) દયારામ (D) રવિસાહેબ

7. 'રસસિદ્ધાન્ત'ના પુરસ્કર્તા -

(A) આનંદવર્ધન (B) કુંતક

(C) અભિનવગુપ્ત (D) જગન્નાથ

8. 'નવરાત્રી' કયો સમાસ છે -

(A) દ્વિગુ (B) કર્મધારય

(C) બહુવ્રીહી (D) મધ્યમપદલોપી

9. સેનિટ સાહિત્ય સ્વરૂપની કૃતિઓના કવિ તરીકે ખ્યાત છે -

(A) દલપત (B) નર્મદ

(C) મણિલાલ નત્થુભાઈ (D) બ.ક.ઠા.

10. 'ટ્રેજેડી' સિદ્ધાન્તના જનક -

(A) પ્લેટો (B) એરિસ્ટોટલ

(C) બૂચર (D) ઈસ્કીલીસ

11. બે કવિઓ સુધારક યુગના નથી :

(1) જયંત પાઠક

(2) દલપતરામ

(3) ઉશનસ્

(4) નર્મદ

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 1 અને 4 (D) 2 અને 4

12. બે કવિઓ પદ્યવાર્તાના કર્તા નથી :

(1) દયારામ

(2) શામળ

(3) નાકર

(4) શિવદાસ

(A) 2 અને 3 (B) 1 અને 4 (C) 1 અને 3 (D) 2 અને 1

13. બે કૃતિઓ ગાંધીયુગની છે :

(1) ‘સ્મરણસંહિતા’

(2) ‘સત્યના પ્રયોગો’

(3) ‘સ્મરણયાત્રા’

(4) ‘ગાંધીની કાવડ’

(A) 2 અને 1 (B) 2 અને 3 (C) 1 અને 4 (D) 3 અને 1

14. આધુનિક સાહિત્યના સર્જક તરીકે સુખ્યાત છે :

(1) કિશોર જાદવ

(2) કે. ખૂશરો કાબરાજી

(3) પ્રબોધ પરીખ

(4) નરહરિ પરીખ

(A) 1 અને 3 (B) 1 અને 2 (C) 1 અને 4 (D) 4 અને 2

15. કવિ અને નવલકથાકાર તરીકે પ્રખ્યાત છે :

(1) પ્રબોધ પરીખ

(2) સુરેશ જોષી

(3) મધુરાય

(4) લાભશંકર ઠાકર

(A) 1 અને 4 (B) 2 અને 1 (C) 2 અને 3 (D) 2 અને 4

16. બે ગ્રંથોના રચયિતા એક છે :

(1) સરસ્વતીચંદ્ર

(2) સ્નેહમુદ્રા

(3) સ્મરણમૂર્તિ

(4) સ્મરણસંહિતા

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 1 અને 3 (D) 2 અને 1

17. બે વિવેચન-નિબંધના રચયિતા એક છે :

(1) 'થ્રી વોઈસીસ ઓફ પીએડી'

(2) ટ્રેડિશન એન્ડ દ ઈન્ડિવિઝુઅલ ટેલેન્ટ'

(3) 'રસગંગાધર'

(4) 'રસસિદ્ધાન્ત'

(A) 2 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 2 (D) 1 અને 3

18. બે સાક્ષરો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા :

(1) હરિવલ્લભ ભાયાણી

(2) યશવંત શુક્લ

(3) રઘુવીર ચૌધરી

(4) રમણલાલ જોશી

(A) 2 અને 4 (B) 2 અને 3 (C) 1 અને 4 (D) 1 અને 2

19. **માહિતી : અ** - 'કાવ્યનો આત્મા રીતિ છે' આચાર્ય વામનનું સૂત્ર છે.

**માહિતી : બ** - 'ચિત્રતુરગન્યાય' માં વામન રીતે વિચારની આચાર્ય શંકુ કે સમજૂતી આપી છે.

(A) અ ખરું છે અને બ ખોટું છે. (B) અ તથા બ બન્ને સાચા છે.

(C) અ ખોટું છે બ સાચું છે. (D) અ તથા બ બન્ને ખોટાં છે.

20. **માહિતી : અ** - પ્રસ્તુત દ્વારા થતું અપ્રસ્તુતનું સૂચન પ્રતીકનું મહત્વનું લક્ષણ છે.

**માહિતી : બ** - સંભવ છે કે કલ્પનાનું વારંવાર થતું પુનરાવર્તન પ્રતીકમાં પરિણમે.

(A) અ ખોટું છે બ સાચું છે

(B) અ તથા બ બન્ને ખોટા છે.

(C) અ તથા બ બન્ને સાચા છે.

(D) અ સાચુ છે બ ખોટું છે.

21. **માહિતી : અ** - કૃતિમાં વાસ્તવિકતાનું રૂપાંતર જ કૃતિને કલાકૃતિ બનાવે છે.

**માહિતી : બ** - કૃતિને કલાકૃતિ બનાવવા માટે રૂપાંતર જ એકમાત્ર અનિવાર્યતા નથી.

(A) અ સાચું છે બ ખોટું છે

(B) અ તથા બ બન્ને સાચાં છે

(C) બ સાચું છે અ ખોટું છે

(D) અ તથા બ બન્ને ખોટાં છે

22. બે વાક્યથી બનતું સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) ચિનુ મોદી મહાકવિ છે. કેમ કે તેમણે ‘કાલાખ્યાન’ લખ્યુ છે.

(B) ચિનુ મોદી આખ્યાનકાર છે, કેમ કે તેમણે ડાયલના પંખી લખ્યું છે.

(C) ચિનુ મોદી ગઝલકાર છે. કેમકે તેમણે અનેક ગઝલો રચી છે.

(D) ચિનુ મોદી ગુજરાતી છે. કેમ કે તેમણે ઉર્દૂમાં પણ રચના લખી છે.

23. સર્વથા સુસંગત વિગતજૂથ કયું ?

(A) ઉમાશંકર જોશી : ‘વસંતવર્ષા’; પુરાણોમાં ગુજરાત.

(B) ઉમાશંકર જોશી : ‘નિરીક્ષા’, પંડિતયુગ.

(C) ઉમાશંકર જોશી : ‘વાસુકિ’, સરસ્વતી સન્માન.

(D) ઉમાશંકર જોશી : ‘છિન્નભિન્ન છું’, સુધારક યુગ

24. સર્વથા સુસંગત વિગતજૂથ કયું ?

(A) પદ્યવાર્તા : મધ્યકાલીન કથાપ્રકાર, પદ્મનાભ.

(B) પદ્યવાર્તા : 'નંદબત્રીશી' શામળ.

(C) પદ્યવાર્તા : 'કામાધળ' 'રસિકવલ્લભ'

(D) પદ્યવાર્તા : સમસ્યાઓ, 'સાસુ બહુની લડાઈ'

25. સર્વથા વિસંગત વિગતજૂથ કયું ?

(A) 'અશ્રુઘર' રાવજી, વિવેચક

(B) 'અશ્રુઘર' રાવજી, નવલકથા

(C) 'અશ્રુઘર' રાવજી, સત્ય

(D) 'અશ્રુઘર' રાવજી, આધુનિક યુગ

26. સર્વથા વિસંગત વિગતજૂથ કયું ?

(A) ભાવ, વિભાવ અને સંચારીભાવનો સંયોગ.

(B) અનુભાવ, આનંદવર્ધન.

(C) અભિનવગુપ્ત, અભિનવભારતી, અભિવ્યંજનાવાદ.

(D) ભરત, કરુણ જ શ્રેષ્ઠ

27. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | સુરેશ જોષી | (i) | નવલકથા |
| (b) | છિન્નપત્ર | (ii) | સર્જનાત્મક નિબંધોનો સંચય |
| (c) | જનાન્તિકે | (iii) | વિવેચનાત્મક લેખોનો સંચય |
| (d) | અરણ્યરુદન | (iv) | આધુનિક સાહિત્યકાર |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (iv) | (i) | (ii) | (iii) |
| (B) | (iii) | (ii) | (i) | (iv) |
| (C) | (ii) | (i) | (iii) | (iv) |
| (D) | (i) | (iii) | (ii) | (iv) |

28. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | સિતાશું યશશ્ચંદ્ર | (i) | નાટક |
| (b) | 'કેમ મકનજી કયાં ચાલ્યા' | (ii) | રૂપાન્તર |
| (c) | માર્ગદર્શન | (iii) | વિવેચન |
| (d) | 'રમણીયતાનો વાગ્‌વિકલ્પ' | (iv) | આધુનિક યુગના કવિ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (iii) | (ii) | (i) | (iv) |
| (B) | (iv) | (i) | (ii) | (iii) |
| (C) | (ii) | (iv) | (iii) | (i) |
| (D) | (i) | (ii) | (iii) | (iv) |

29. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | પન્નાલાલ પટેલ | (i) | જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા |
| (b) | 'માનવીની ભવાઈ' | (ii) | 'નેશનલ સેવિંગ' |
| (c) | નવલિકા | (iii) | ઉત્તર ગુજરાતના સાહિત્યકાર |
| (d) | જીવી | (iv) | 'મળેલા જીવ' |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | (iii) | (i) | (ii) | (iv) |
| (B) | (i) | (ii) | (iii) | (iv) |
| (C) | (iv) | (i) | (ii) | (iii) |
| (D) | (iii) | (ii) | (iv) | (i) |

**30.** બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | ‘દ્વિરેફ’ | (i) | વિવેચક |
| (b) | ‘શેષ’ | (ii) | નિબંધકાર |
| (c) | ‘સ્વૈરવિહારી’ | (iii) | મંગલ ત્રિકોણ |
| (d) | રા. વિ. પાઠક | (iv) | ખેમી |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (ii) | (iv) | (iii) | (i) |
| (B) | (iv) | (ii) | (iii) | (i) |
| (C) | (iv) | (iii) | (ii) | (i) |
| (D) | (i) | (ii) | (iv) | (iii) |

**31.** બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | જૂલિયસ સિઝર | (i) | નાટયકાર |
| (b) | શેક્સપિયર | (ii) | સુખ્યાત કરુણાંત નાટક |
| (c) | ઑથેલો | (iii) | સોનેટકાર |
| (d) | કવિ | (iv) | ઐતિહાસિક વસ્તુનું નાટક |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (iv) | (i) | (ii) | (iii) |
| (B) | (i) | (ii) | (iii) | (iv) |
| (C) | (ii) | (iii) | (iv) | (i) |
| (D) | (iv) | (ii) | (iii) | (i) |

32. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | કાલિદાસ | (i) | 'વિક્રમોર્વશીયમ' |
| (b) | વિપ્રસંભ શૃંગાર કાવ્ય | (ii) | 'ઋતુસંહાર' |
| (c) | પ્રકૃતિ કવિતા | (iii) | પ્રશિષ્ટ સંસ્કૃત કવિ |
| (d) | નાટયકાર કાલિદાસ | (iv) | 'મેઘદૂત' |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (i) | (iii) | (iv) | (ii) |
| (B) | (iii) | (iv) | (ii) | (i) |
| (C) | (ii) | (iii) | (iv) | (i) |
| (D) | (iv) | (ii) | (i) | (iii) |

33. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | 'રાધાકૃષ્ણ' | (i) | રડતાં-રડતાં |
| (b) | ક્રિયાવિશેષણ | (ii) | નામ |
| (c) | કમળ | (iii) | દ્વંદ્વ સમાસ |
| (d) | સંયોજક | (iv) | અને |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (ii) | (iii) | (iv) | (i) |
| (C) | (iii) | (ii) | (i) | (iv) |
| (D) | (iii) | (i) | (ii) | (iv) |

34. બન્ને યાદીઓની વિગતો સરખાવી ખરા જોડકાનું જૂથ કયું છે તે કહો :

| | | | |
|---|---|---|---|
| (a) | રાધેશ્યામ શર્મા | (i) | વાર્તાસંગ્રહ |
| (b) | 'ફેરો' | (ii) | 'આંસુ અને ચાંદરણું' |
| (c) | 'વિચારાં' | (iii) | લઘુનવલ |
| (d) | કવિ | (iv) | રણજિતરામ સુવર્ણચંદ્રક |

| | **(a)** | **(b)** | **(c)** | **(d)** |
|---|---|---|---|---|
| (A) | (i) | (ii) | (iii) | (iv) |
| (B) | (ii) | (i) | (iii) | (iv) |
| (C) | (iv) | (iii) | (i) | (ii) |
| (D) | (iv) | (iii) | (ii) | (i) |

35. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) ભરત, દલપતરામ, નંદશંકર, રાજે.

(B) રાજે, નંદશંકર, દલપતરામ, ભરત.

(C) નંદશંકર, ભરત, રાજે, દલપતરામ.

(D) ભરત, રાજે, દલપતરામ, નંદશંકર.

36. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) ઋગ્વેદ, આકાર, મેઘદૂત, અવરશુંકસુખ

(B) 'મેઘદૂત', 'ઋગ્વેદ', 'આકાર', 'અવરશુંકસુખ'.

(C) 'ઋગ્વેદ', 'મેઘદૂત', 'આકાર', 'અવરશુંકસુખ'.

(D) આકાર, અવરશુંકસુખ, મેઘદૂત, ઋગ્વેદ.

37. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?

(A) મારુ ગૂર્જર, પ્રાચીન ગુજરાતી, પ્રેમાનંદકાલીન ગુજરાતી, અર્વાચીન ભારતીય ભાષા

(B) પ્રાચીન ગુજરાતી, પ્રેમાનંદકાલીન ગુજરાતી, અર્વાચીન ભારતીય ભાષા, મારુ ગુર્જર.

(C) પ્રેમાનંદકાલીન ગુજરાતી, મારુગૂર્જર, અર્વાચીન ભારતીય ભાષા, પ્રાચીન ગુજરાતી.

(D) પ્રાચીન ગુજરાતી, અર્વાચીન ભારતીય ભાષા, પ્રેમાનંદકાલીન ગુજરાતી, મારુ ગુર્જર.

38. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે ?

(A) 'બીજા થોડાક', કિંચિત, ઉપજાતિ, 'અરણ્યરુદન'.

(B) ઉપજાતિ, કિંચિત, 'અરણ્યરુદન' 'બીજા થોડાક'.

(C) 'અરણ્યરુદન', ઉપજાતિ, 'બીજા થોડાક' કિંચિત.

(D) 'ઉપજાતિ', 'કિંચિત', 'બીજા થોડાક','અરણ્યરુદન'.

39. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે ?

(A) સોનેટ, એકાંકી, અછાંદસકાવ્યો, નવલકથા.

(B) એકાંકી, સોનેટ, નવલકથા, અછાંદસકાવ્યો.

(C) નવલકથા, સોનેટ, એકાંકી, અછાંદસકાવ્યો.

(D) સોનેટ નવલકથા એકાંકી, અછાંદસકાવ્યો.

40. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે ?

(A) પોએટિક્સ, લિટરરી બાયોગ્રાફિયા, સ્ટ્રક્ચરાલિસ્ટ પોએટિક્સ, ઓન ગ્રામટોલોજી.

(B) લિટરરી બાયોગ્રાફિયા, પોએટિક્સ, સ્ટ્રક્ચરાલિસ્ટ પોએટિક્સ, ઓન ગ્રામટોલોજી.

(C) ઓન ગ્રામટોલોજી, પોએટિક્સ, લિટરરી બાયોગ્રાફિયા, સ્ટ્રક્ચરાલિસ્ટ પોએટિક્સ.

(D) સ્ટ્રક્ચરાલિસ્ટ પોએટિક્સ, પોએટિક્સ, લિટરરી બાયોગ્રાફિયા, ઓન ગ્રામટોલોજી.

41. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે ?

(A) ક્ષિતિજ, સંસ્કૃતિ, 'બુદ્ધિપ્રકાશ' કૃતિ.

(B) 'કૃતિ', 'સંસ્કૃતિ' ક્ષિતિજ, બુદ્ધિપ્રકાશ.

(C) 'સંસ્કૃતિ' બુદ્ધિપ્રકાશ, ક્ષિતિજ, કૃતિ.

(D) બુદ્ધિપ્રકાશ, 'સંસ્કૃતિ,' 'ક્ષિતિજ' 'કૃતિ'

42. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે ?

(A) સુરેશ જોષી, શિરીષ પંચાલ, નરેશ વેદ, બળવંત જાની.

(B) શિરીષ પંચાલ, બલવંત જાની, સુરેશ જોષી, નરેશ વેદ.

(C) સુરેશ જોષી, નરેશ વેદ, બળવંત જાની, શિરીષ પંચાલ.

(D) આં માથી કોઇ પણ નહીં

**નીચે આપેલો ગદ્યખંડ વાંચો અને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાટે નિશાન કરો.**

પણ- નીતિ એટલે શું?

નીતિની વ્યાખ્યા બાંધવાનું આ સ્થાન નથી. આપણા કામ માટે કોઈ ચોક્કઠાબંધ કે લોકપ્રિય વ્યાખ્યાની જરૂર પડે તેમ પણ નથી. એટલું સમજી લઈશું તો બસ છે કે કલાની માફક નીતિ પણ સ્થૂળ કૃતિનો નહિ એટલો સૂક્ષ્મ અનુભવનો વિષય છે. કાન્ટે જ્યારે કહ્યું કે વિશ્વમાં બે વસ્તુ મને સૌથી ઉન્નત જણાઈ છે - માનવહૃદયમાં અધિરાજ્ય ભોગવતો નીતિ-સિદ્ધાંત અને રાત્રિની 'નક્ષત્રતારાગ્રહસંકુલા' એવી વ્યોમસૃષ્ટિ - ત્યારે, નીતિ કેવળ અનુભવગમ્ય છે એ વાતનો નિર્ણય સુસ્પષ્ટતાથી અપાઈ ગયો. આ અનુભવવાદને મનુષ્યના અનીતિમય બાહ્ય આચરણથી બાધ નથી આવતો. જૂઠું બોલનાર કે ચોરી કરનાર માણસ એ પ્રવૃત્તિઓ ક્ષણિક નબળાઈને વશ થઈને જરા અચકાતાં કરતો હોય, કે એ ધંધામાં સારી રીતે પળોટાઈ જવાથી નિઃસંકોચ તેમાં મડંથો રહેતો હોય - ગમે તે સંજોગમાં - તેને તેનું અંતઃકરણ ડંખવાનું તો ખરું જ. ડંખ પહેલા દાખલામાં વરતાશે; બીજામાં નહિ વરતાય કે અતિઝાંખો વરતાશે. વરતાય ત્યારે જાણવું કે નીતિસિદ્ધાંત હજી ભાનમાં છે; ન વરતાય ત્યારે, બેભાન બન્યો છે. નીતિની ભાવનાને આ રીતે નિરપેક્ષ દૃષ્ટિએ વિચારીએ, ત્યારે તેનું અસ્તિત્વ આપણે સ્વીકાર્યા વિના ચાલતું નથી. એવો સ્વીકાર એક વાર વિચારપૂર્વક કરીએ ત્યારે, નીતિ તો કેવળ સમાજની બીકે પળાય છે. નીતિશાસ્ત્રીઓ સમાજ છિન્ન-ભિન્ન ન થાય માટે વ્યવહારુ ડહાપણની નજરે જ નીતિમાન થવાનું ફરમાવે છે, - વગેરે વાદો આપોઆપ ઓગળી જાય છે. આપણને ગમે કે નહિ, આપણાથી પૂરતા પ્રમાણમાં આચરાય કે નહિ, આપણે ભલે તેને ઉવેખવા ચાહીએ, છતાં નીતિભાવના આપણને એવી સૃદઢ વરેલી છે કે છૂટાછેડાની વાત જ નકામી છે.

**43.** લેખકનો મુખ્ય આશય -

(A) નીતિની વ્યાખ્યા બાંધવાનો છે.

(B) નીતિ કેવળ અનુભવવાની વસ્તુ છે એમ સમજાવવાનો છે.

(C) નીતિ-સિદ્ધાન્તની બેભાનાવસ્થા બતાવવાનો છે.

(D) નીતિ સ્થૂળ કૃતિની વસ્તુ નથી એમ ભેદ પાડવાનો છે.

**44.** આ ગદ્યખંડનું શીર્ષક આપી શકાય -

(A) નીતિ વિચાર

(B) સુનીતિભાવના

(C) માનવહૃદયમાં અધિરાજ્ય ભોગવતો નીતિ સિદ્ધાન્ત

(D) વ્યવહાર, ડહાપણ

**45.** કાન્ટને વિશ્વમાં બે વસ્તુઓ જણાઈ છે -

(A) મુખ્યત્વે

(B) ગૌણભાવે

(C) મિશ્રભાવે

(D) સંયુક્તપણે

**46.** લેખકના મતાનુસાર નીતિ એટલે -

(A) સ્થૂળ કૃતિ

(B) કલાની માફકની નીતિ

(C) સૂક્ષ્મ અનુભવનો વિષય

(D) અંતઃકરણડંખ

**47.** કાન્ટને નીતિ ઉપરાન્તની સૌથી ઉન્નત વસ્તુ લાગી છે -

(A) નક્ષત્રો તારા અને ગ્રહોથી સંકુલ એવી આકાશી દુનિયા.

(B) માનવહૃદય.

(C) વ્યોમસૃષ્ટિ

(D) નક્ષત્રતારાગ્રહસંકુલવ્યોમ

**48.** નીતિનું અસ્તિત્વ સ્વીકારવું ત્યારે અનિવાર્ય બની જાય છે -

(A) નીતિને ઉવેખવા ચાહીએ ત્યારે.

(B) ક્ષણિક નબળાઈને વશ હોઈએ ત્યારે.

(C) નીતિ ભાવનાને નિરપેક્ષ દૃષ્ટિએ વિચારીએ ત્યારે.

(D) નીતિસિદ્ધાન્ત ભાનમાં હોય ત્યારે.

49. આ ગદ્યખંડ આ વર્ગનું લખાણ છે -

(A) સર્જક નિબંધ.

(B) કાવ્યચર્ચા.

(C) માનવવર્તન ચર્ચા.

(D) ચિંતનાત્મક ગદ્ય

50. બરાબર વિચારીને નીતિનો સ્વીકાર કરીએ ત્યારે લેખકના મતાનુસાર મુખ્યત્વે વાદો ઓગળી જાય છે -

(A) પાંચ વાદો.

(B) ચાર વાદો.

(C) બે વાદો.

(D) ત્રણ વાદો.

- o O o -

**Space For Rough Work**